થાળ સંગ્રહ.

અથવા

ભગવાનને ભોગ ધરાવવાના પદોનો સંગ્રહ.

સંપાદક.

વ્યાસ ઉમાશંકર લીલાધર શર્મા ધરાદેવ.

પ્રથમ સંસ્કરણ પ્રતિ ૧૦૦૦

મુંબઇ.

"સ્વધર્મનિષ્ઠ" પ્રેસમાં ગિરજાશંકર કાશીરામ દ્વિવેદીએ છાપ્યું.

સંવત્ ૧૯૬૭. શકે ૧૮૩૩.

મૂલ્ય રૂ. ૦-૪-૦

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणाहुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

तत्सद् ब्रह्मार्पणमस्तु.

भ. गी. अ. श्लो २४

થાળ સંગ્રહ.

(થાળ ૧ લો) રાગ ઝીંઝોટી! બનજારા!!

સખી! મોતીડે ચોક પુરાવ્યા, જમવાને જગપતી આવ્યા. ટેક૦
સામૈયું સમાજે કીધું, ચરણામૃત મંજુલ લીધુંરી.
મેં મંદીરમાં પધરાવ્યા, જમવાને૦ ૧
સામગ્રી થઇ છે તૈયારી, ભરી નીર મધુરથી જારીરી.
ત્યાં ગાદી ગલીચા બીછાવ્યા, જમવાને૦ ૨
કિધી આરતી મેં અનુરાગે, બાજોઠ ધર્યા પ્રભુ આગેરી.
લઈ પકવાનો પીરસાવ્યા, જમવાને૦ ૩
દુધપાક ખીર સુખદાઈ, ઘૃત શાકર ખાંડ સવાઇરી.
દહી દુધે પાત્ર ભરાવ્યા, જમવાને૦ ૪
સીરો પુડી શેવ સુંવારી, લાડુ લાપસીઓ તોર ધારીરી.
મગ દળીઆ સરસ બનાવ્યા, જમવાને૦ ૫
રસ કીધો છે આંબા ગોળી, રોટલીઓ ઘ્રતમાંજ બોળીરી.
માલપુવા મધુર ધરાવ્યા, જમવાને૦ ૬

બાસુદી પુડલા પ્યારા, જમો જીવન નંદ દુલારારી.
ગળપાપડી પાક પકાવ્યા, જમવાને૦ ૭
પેંડા ગાંઠીયા બરફી ન્યારી, મેસુ પાકને બુંદી પ્યારીરી.
શાટા શાકરથી ગ્લેફાવ્યા, જમવાને૦ ૮
સૂત્રફેણી જલેબી તાજી, થશે માજમથી મન રાજીરી.
મોહનથાળ પતાશા મંગાવ્યા, જમવાને૦ ૯
બહુ અથાણાં અજબ રશાળા, વડાં શાક છત્રીશ રૂપાળારી.
મૃદુ મેવે રસિક રીજાવ્યા, જમવાને૦ ૧૦
કઢી પાપડ ખિચડી લીધાં, ઘૃત ધારથી ભોજન કીધાંરી.
પય શાકર ભાત શીરાવ્યા, જમવાને૦ ૧૧
જમી તૃપ્ત થયા છે મુરારી, લીધો મોછણ શ્રી ગિરધારીરી.
નીજ જનનાં તાપ સમાવ્યા, જમવાને૦ ૧૨
જાવંત્રી એલચી પ્યારી, કાથો ચુનો લવીંગ સોપારીરી.
મુખવાસ મોહન મન ભાવ્યા, જમવાને૦ 13
દેવીદાસનાં અંતર જામી, મૂજ મ્હેર કરો બહુ નામીરી.
આનંદ અતી ઉપજાવ્યા, જમવાને૦ ૧૪

થાળ ૨ જો રાગ કાફી તાલ લાવણી;

"તટ યમુનાં કે તીર કૃષ્ણને બંશુરી એ રાગ!

વાતડી સુણ શજનિ મારી (૨)
આજ અમારે મંદીર પધાર્યા મોહન ગિરધારી. ટેક૦
કરી અંતર મરદન અંગે (૨)

મંજન નીરગુલાબથી કીધું જમુના જલગંગે,
પહેરી પટ પિતાંબર અંગે. (૨)
પ્રાણ પતી બાજોઠ બીરાજ્યાં નીજ જનનાં સંગે,
પાણી સીતલથી ભરી જારી. (૨) આજ અમારે૦ ૧
થાળમાં પકવાનો ભરીને. (૨)
શાટા જલેબી ગગન ગાંઠીયા પીરશાવ્યા હરીને,
બરફી પેંડા પીરસ્યા ફરીને. (૨)
જમવા બેઠા જગતપતી મુજપર કરૂણાં કરીને,
નેત્રમેં શફળ કર્યાં ન્યાળિ. (૨) આજ અમારે૦ ૨
બુંદિયા મગદળીયા કરીયા૦ (૨)
મોહન થાળ મેસૂક પતાસા પ્રેમેં પીરસાવ્યા.
મધુર મેવા મલુનેં ધર્યાં. (૨)
હલુવો પાક ગુલાબી પાપડ ઘ્રતમાંહે તર્યાં,
સુતરફેણી સ્વાદી થઇ સારી. આજ અમારે૦ ૩
શેવસીરો લાડુ સારા. (૨)
દુધપાક બાસુદી પુડીઓ માલપુવા પ્યારા,
રોટલી ઉપર ઘ્રત ધારા. (૨)
ભાત ખીચડી દાળ પુડલા તીખા તમકારા
લાપસી કિધી તીરધારી. (૨) આજ અપારે૦ ૪
દુધ દહી પીધાં ભયભંજન. (૨)

આરોગ્યા છે અનંત અથાણાં ગીરીધર ગ્રવ ગંજન,
કઢી કાચરીયો દિલ રંજન. (૨)
શ્રીખંડ ભજીયા વડા રાઇતા છત્રીસેં વ્યંજન,
ભાવધરી જમીયા મુરારી. (૨) આજ અમારે૦ ૫
મધુર જલપી મોછણુ લીધાં (૨)
કાંયો એલચી લવીંગ સોપારી પાન બીડાં દીધાં,
પ્રેમરસ પાયાનેં પીધાં. (૨)
દેવીદાસના સ્યામ થકી મુજ કારજ સહુ સીધાં,
પ્રિતડી પૂર્વની પ્યારી. (૨) આજ અમારે૦ ૬

થાળ ૩ જો રાગ ગરબી.

મારા છેલ છબીલા તમે સાંભળોરે—એ રાગ.

મારે મંદીરે પધાર્યા પ્રભુ પ્રેમથીરે,
જમવાકાજ વૃજરાજ મહારાજ. ટેક૦
રત્ન જડિત સુંદર સિંહાસન શોભતુંરે,
મન મોહન બીરાજ્યા નંદલાલ. મારે૦ ૧
કનક કલશ પાસે થાળ ભોજનનાં ધર્યારે,
વડી આપ્યા છે અનેક આચાર. મારે૦ ૨
સરસ શેવ શીરો સુત્રફેણી છે ખરીરે,
દુધપાક તણો સ્વાદ છે અપાર. મારે૦ ૩
બરફી બાશુદી બુંદીનાં લાડુ લાપસીરે,
પુરી પાપડનેં ઘેવર ઘૃત ધાર. મારે૦ ૪

શાક પાક મેવા મીશરી મન ભાવતાંરે,
જમીયા જુક્તિથી સ્વામી જદુનાથ. મારે૦ ૫
પાન એલચી લવીંગ સોપારી તણુંરે,
આપુ તાંબુલ ધરોને મુખ માંહે. મારે૦ ૬
શીશ મુકુટ કનક કુંડલ કાનમાં ધર્યાંરે,
ધરી ઉરમાંહી વૈજયતી માલ મારે૦ ૭
પીડાં પીતાંબર શોભે અંગો અંગમાંરે,
કોટી કામ તણું ગર્વ નાશ થાય. મારે૦ ૮
અંતર જામી તણી આરતી ઉતારીનેરે,
ઉમાશંકર સદાયે ગુણ ગાયે. મારે૦ ૯

થાળ ૪ થો જે જે નારાયણ એ રાગ.

નેણે નિર્ખી સખી! આનંદ પામો, મારે ઘેરે આવ્યા અંતર જામી ટેક.
કનક કલશ બાજોઠ ઢરાવ્યાં, તાપર બિરાજ્યાં શ્રી બહુનામી.
સુંદર થાળ ધર્યો મન મોહન, જુગતે જમો જદુનાથ! નમામી. નેણે
પેંડા પતાશા સાટા શુંવારી, ગેવર ગારી લ્યો મુજ સ્વામી,
બુંદી બાશુદી ધરી હરી પાસે, પયપાન કરો કેશવ ગુણ ગામી ને૦ ૨
જમી ઉઠી જમુનાં જલ લીધાં, તાંબુલ આપ્યા રહી નવ ખામી.
ઉમાશંકર કિંકરછું તમારો, તારો ભવાર્ણવે ભવનાથ ભજામી. ને૦ ૩

થાળ ૫ મો.

વાલંબ વશબની વાકરે જરી હાર પેરો–એ રાગ.

પાતલીયા પ્રીતે જમાડુંરે, પ્રભુ પ્રિતમ પ્યારા.–ટેક૦

થીનાનું સિંગારાન ઠારૂં, હસીને હેતે બેશાડું.
નૈવેદ્ય વિધ વિધ લાવુ રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૧
હીંગલારા લાડ સારા, મનોહર મેવા છે ન્યારા,
પુડી રૂડી પ્રેમે ધરાવું રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૨
સુત્રફેણી ઘુંવારી સારી, બરફી બાસુદી પ્યારી,
પય પાન પ્રેમે કરાવું રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૩
સ્વાદિષ્ટ કીધા છે શાક, દાળ ભાત દુધપાક,
અનેક અથાણાં લઇ આવું રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૪
ભરી રાખી જલની ઝારી, પીયો પ્રભુ પ્રેમે વારી,
પાન સોપારી હરી લાવું રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૫
આરતી ઉતારૂ સ્વામી, નમું પ્રેમે અંતર જામી,
ઉમાશંકર ગુણ ગાવું રે, પ્રભુ પ્રિતમ પ્યારા. પાતલીયા૦ ૬

થાળ ૬ ઠો શ્રી હરી સરણ તમારો—એ રાગ !

તમે આરોગોને અવિનાશ, રઘુવર રામ જાનકી. ટેક૦
શાકર પેઠા ઓર પતાશા, મેં ધર્યા તમારે પાસ. રઘુવર૦ ૧
ભાવ પ્રિતે કરી ભોજન કીધાં, ભક્ત ભવને મેં વાસ. રઘુવર૦ ૨
બીલડીકા બોર સુદામાં કે તાંદુલ, વિદુર કે બડે ભાગ. રઘુવર૦ ૩
જમુનાદિક ઝારી ભરી લાવ્યા, મુખમેં લીયો મુખ વાસ. ર૦ ૪
સખી રામદાસ બિનય કરી માનો, જુઠ પ્રસાદીકી આશ. ર૦ ૫

થાળ ૭ મો. પ્યારે હરી પ્રેમે પધારે રઘુરાજ—એ રાગ !

પ્રભુ તારી પ્રાજમાની હોરાજ, મારે ઘેરે આવનાં મહારાજ. ટેક૦

સિહાશન બાજોઠ ઢળાવું, શિતલ જળ ઝારી ભરી લાવું;
ઉભી ઉભી ચમર ઢળાવું, લાગો છો સોહામણા મહારાજ. પ્રભુ૦ ૧
બહુ મેવા પકવાન મીઠાઇ, છપન ભોજન આપ બનાઇ.
હાથ સું ગ્રાશ ભરાવું, રૂચી રૂચી પાવનાં મહારાજ. પ્રભુ૦ ૨
પાન એલચી લવીંગ સોપારી, કાથો ચુનો જાયેફળ ઢારી.
અપને હાથશું બીડલો બનાવું, સો પ્રેમે કરી ચાવનાં મહારાજ પ્ર૦૩
મોર મુકુટ પીતાંબર શોહીયે, શુરીનર મુનીવર કા મન મોહીયે.
મીરાં કહે સંગ રહેના, દીલબીચ ખુબ બન્યો મહારાજ. પ્રભુ૦ ૪

થાળ ૮ મો.

બાઇયું વૃજમાં વાતું તો એવી થાય છે રે—એ રાગ !!

વિઠલ વારૂ કરવાને વેલા આવજો રે.
સાથે નાના નાના છોકરાને તેડી લાવજો રે. ટેક૦
મેં તો દૂરથી દીઠાં પ્રભુ આવતાં રે.
મારા હૃદયા કમલ મન ભાવતાં રે. વિઠલ૦ ૧
મેં તો મગરે મેથીનાં કરચા ઢોકરા રે.
સાથે તેડી લાવો નાના નાના છોકરા રે. વિઠલ૦ ૨
મેં તો સરસ શાબુણી શીરો કર્યોરે,
તેને ત્રાંબાનાં ત્રાંશમાં ટાઢો કર્યોરે. વિઠલ૦ ૩
મેં તો ચોખા રાંધ્યા કમોદનાંરે,
પાસે પાપડ શેકયા પુનમ ચાંદનાંરે. વિઠલ૦ ૪
મહેતા નરશૈયાનાં સ્વામી ભલે મળ્યારે,
મારા જન્મ મરણનાં દુઃખ સર્વે ટળેયા. વિઠલ૦ ૫

થાળ ૯ મો.

સંત સરણુ જગમાં અતિ દુર્લભ—એ રાગ !

દુધ પીઓને મારા પ્રાણ સ્નેહી, રામચંન્દ્ર રઘુરાઇ રે,
કવલી ગાયનું દુધજ દોઇયું, શાકર દાલી માંહી રે. ટેક૦
જાયેફૂલ એલચી કેશર દાલી, પીસ્તે છાબજ છાઇ રે.
પ્રેમ પ્રીતસેં દુધજ ઠાર્યો, આગળ ધર્યો આંહીરે. દુધ૦ ૧
જીણુ જીણુ વાચે દુધજ ઠાર્યો, પ્રભુ મનમેં મુશુકાઇ રે.
લક્ષ્મણજી તો ચમર ઢરાવે જાનકી દુધજ પાઇ રે. દુધ૦ ૨
સીતલ જલ જારી ભરી લાવ્યા જલ ગંગાજલ માંહી રે.
પાન શોપારી બીડલો સુધાર્યો, લીઓ મુખમે રઘુરાઇ રે. દુધ૦ ૩
નારાયણુ સાહેબ સત ગુરૂ સરણુ, અરજ અમારી એહ રે.
અવિચળ ભકિત આપો સ્વામી દિન દયાળુ ગુંશાઇ રે. દુધ૦ ૪

થાળ ૧૦ મો રાગ એજ.

દુધ પીઓને મારા પરમ સ્નેહી, શ્રી કૃષ્ણુ ભગવાન રે. ટેક૦
કામ ધેનુ કેરૂ દુધ મંગાવું, માંહે કેશર નાંખી રે.
એલચી પીસ્તા ચારવલી નાંખી, ગરમ કરૂં ચીત્ત રાખી રે. દુધ૦ ૧
શર્કરાન્વિત પય અતિ મીઠું, પાત્ર અનોપમ આણી રે.
પીરસી પાશે વ્યંજન નાંખુ, આરોગો અભીરામ રે. દુધ૦ ૨
ગંગોદક ભરી ભરી લાવું, વદન વિભર્ષણ માટે રે.
મુખવાશ મન ગમતા આલુ, ચૂર્ણ સુધા સમ નાંખી રે. દુધ૦ ૩

પાનાચમન મુખવાશ તમારૂ, જોયું દિન દયાળ રે.
દયારામ શર્માયે ગાયું, કૃષ્ણ દયાનિધી જાણી રે.   કૃષ્ણ૦ ૪

થાળ ૧૧ મો.

હરી હવે સરણ તમારૂં છે સાચું—એ રાગ ।।

જમોને પ્રભુ ભાવે કરીને બોલાવ્યા,
સર્વે પ્રકારથી મન ભાવ્યા.   ટેક૦
ઉષ્ણોદકથી પાત્ર ભરાવુ, તૈલયુકત કરીને નવરાવું.
પાટે બેશો મોહન મન ભાવ્યા.   જમોને૦ ૧
ધોતી શારી સુંદર લાવી, બે બાજુ છે જરી કીનારી.
પ્રિતમ પેરો દૂરથી છે લાવ્યા.   જમોને૦ ૨
સાલી ચુર્ણના મોતી બનાવ્યાં, રોપ્ય થાલીમાં ચોમુખ માવ્યા.
કરૂ શેવા પ્રભુની શ્રુતિ ગાયા.   જમોને૦ ૩
બરફી પુડી લાડુ સાર, ગેવર ખાજાને કંશાર.
પેંડા બાસુદી મેસુક લાવ્યા.   જમોને૦ ૪
કેલાભીંઢાની ભાજી સારી, જમોને તમો દેવ મુરારી.
ઘણાં ભકતો ભવથી તમે તાર્યા.   જમોને૦ ૫
સીતલ જલ સુંદર ભરીલાવું, હાથે કરી આચમન કરાવું.
મુખ વાસના બીડલા બનાવ્યા.   જમોને૦ ૬
ગુણાતીત ગુણમય છબી જેની, તનમનથી કરૂં શેવા તેની.
દયારામ શર્માયે સંભાડ્યા.   જમોને૦ ૭

થાળ ૧૨ મો રાગ એજ !

ભોજન મન ભાવતાં લ્યોને માવા. ટેક.
પયપકવાન મેવા મીઠાઇ, ખંત કરીને રસોઇ બનાઇ.
નહીં નાવું પડે જદુરાઇ. ભોજન૦ ૧
પુડી જલેબી ઘેવર ઘીનાં, કંચન થાળ બરોબર શીનાં.
સર્વે ભોજન અમૃત મીશરીનાં. ભોજન૦ ૨
સૂરણ તણાં રતાડુ તેવા, ભોજન બહુ બતાવું એવા.
ગિરીધર મોઢેથી માંગી લેવા. ભોજન૦ ૩
જલ જમુનાની ભરી છે જારી, મંજન કરોને મંગલ કારી.
પછે આલું તે પાન સોપારી. ભોજન૦ ૪
જો ઇચ્છા હોય રાજ તમારી, સુંદર શેજ પીછાવું સારી.
હું તો તન મનથી જાઉ બલિ હારી. ભોજન૦ ૫
હીરા મોતી હેમ ધરેણાં, પ્રેમે લઇ પહેરોપટ જીણા.
રસભીનાં ભૂધરજીનાં નેણાં. ભોજન૦ ૬
દાસ પ્રીતમનાં સ્વામી સામળીયા, હેતે પ્રિતે અદળક દળીયા.
મારા તનનાં તે તાપ સર્વે ટળીયા. ભોજન૦ ૭

થાળ ૧૩ મો.

દુધ પીઓને મારા પરમ સ્નેહી—એ રાગ ! !

આ રોગો નરસંગ મહાપ્રભુ આ રોગો નરસંગ રે.
છપન ભોગ છત્રીશે વ્યંજન, નાનાવિધિ નારંગ રે. ટેક૦

લક્ષ્મીજી ભોજન આપ સુધારે, મનમાં ધરી ઉમંગ રે.
પનવારો નારદમુની લાવે, જલજારી લાવે શ્રીરંગરે. આ રોગો૦ ૧
ભાવ પ્રીતસેં ભોજન કીધાં, તુમહો પ્રાણ આ ધાર રે.
અંતર કીગત અંતર જાણો, સબબિધી જાણન હાર રે. આ રો૦ ૨
ઇન્દ્ર સારદ આરતી લઈ આવે, દૂર કરોપટ ચીર રે.
શીવ શનકાદીક ચમર ઢરાવે, ગાવેદાસ કબીર રે. આ રોગો૦ ૩

થાળ ૧૪ મો.

હરી ભજન થકી છોટા હોય તે સૌથી–એ રાગ ! !

હાંરે જમો જાદવજી આજ અમારે ઘેર પધાર્યા પ્રેમથી.
મારા મોહનજી દીન જાણી નિત દર્શન દેજો નેમથી. ટેક૦
બલદેવ બેઠા બાજોઠ માથે, શોભે સન્મુખ સ્યામ સખા સાથે.
ભરી રાખ્યા કલશ કમળા હાથે. જમો જાદવજી૦ ૧
વડી વાલ વડાને વટાણાં, આપ્યા અધિક અનોપમ આથાણા.
રાખ્યા રાઇતાં બુંદી દ્રાખ તણાં. જમો જાદવજી૦ ૨
પેલી પુરણ પુડી પાસ ધરી, પાસે મુકેયા ઘ્રતનાં પાત્ર ભરી.
આપ્યા શાક સરસ તૈયાર કરી, જમો જાદવજી૦ ૩
શું સ્વાદ કહું કડી ભાત તણું, દાર ઉપરે નાંખ્યું ઘૃત ઘણું.
કેને ખાતા ન વિશરે એક ક્ષણું, જમો જાદવજી૦ ૪
જમી ઉઠીને જમુના જલ લીધાં, સત્ય ભામાજીએ બીડલા દીધાં.
શિવજીનાં મનોરથ સર્વે સિધાં જમો જાદવજી૦ ૫

થાળ ૧૫ મો રાગ એજ.

ધન આજ ઘડી, દાસ જાણીને અમને દર્શન આપેઆ.
પ્રિતમ પ્યારા, પાતળીઆ પ્રેમેરે પગલાં થાપેઆ. ટેક૦
પેર્યાં પિતાંબર પટકા અંગે, મેલ્યા ગોઠણીયા બાજોઠ સંગે.
ઓપ્યાં રાધાવર રસિલી રંગે. ધન આજ૦ ૧
પેલા પાક પિરસ્યા છે પતવારે, બેઠા જાદવજી જમવા જ્યારે.
સોભે સુંદરી સત્યભામા હારે. ધન આજ૦ ૨
ગુંદા ગાજર ગિરમર ગુણકારી ,કેરી કવરી કુંવારા કામણગારી.
ભાજી માંહે હુવેજ ભર્યાં ભારી. ધન આજ૦ ૩
મેલ્યા મગદળ મોદક માલપુડા, રચ્યા રૂકમણીંએં રાઇતા રૂડા.
કીધાં કુબજાએ કામણ કુડા. ધન આજ૦ ૪
પીધું સીતળ જલ યમુનાં જારી, બીડા ચાવી બેઠા આસન વારી
કહે શિવજી જાઉં મે બલેહારી. ધન આજ૦ ૫

થાળ ૧૬ મો રાગ એજ.

હાંરે સુણો યસોદાજી, સ્યાને વઢોછો અમને આ સુત સારૂ.
શું કહું સજની મહી માખણ લુંટીને ખાયે અમારૂં. ટેક૦
દુધ માંહે દોરે દહીંની મટકી, હાથ નાવે હું દીનભર ભટકી.
નંદ નંદન જાયે છે નટકી. સુણો જસોદાજી૦ ૧
નંદનાંછો નઠારા નાનડીઆ, જાણ્યામાં છો બે માવડીઆ.
સુતે ખાઇ ગયા સાટા પાનડીઆ, સુણો જસોદાજી૦ ૨

તમે પુછો ન પાડોસણ પાસે, વાછડા છોડે છે ગૌને વાંસે.
માવો માર મારે હાથે ખાસે. સુણો જસોદાજી૦ ૩
જદુનાથ જુગત જોઇને જમેયા, રાધા રાજી થઇ રંગે રમેયાં.
પ્રીત જોઇ શિવજીને ગમેયા. સુણો જસોદાજી૦ ૪

થાલ ૧૭ મો.

કાન કાન કહત માત જસોદા બુલાયે રે—એ રાગ !!

આજ તો અમારે ભાગ સુદામાજી આયે રે. આજ૦ ટેક૦
તન દુર્બળ ઘણું, મુખ છે લજામણું; તનદુરબલ.
આંખુના મીચારા દતો, જોલા ખાતો જાયે રે. આજ૦ ૧
નેત્ર નાશીકા બે ચુવે, વારે વારે મોઢુ લુવે; નેત્ર નાશીકા.
કંઠમાં ખોકારા વાગે, હાડકા દેખાયેરે. આજ૦ ૨
મિત્ર મોહન મલ્યા રીતે, કુશલ પ્રશ્ન પુછિયું પ્રીતે. મિત્ર મોહન૦
ધન ધન ભાગ મારા, કોઇથી ન કેવાયે રે. આજ૦ ૩
ભાભીજીએં ભેટ દીધી, કહોને વીરા કેમ કીધી. ભાભીજીએ૦
વચન સુણી વિઠલજીનાં, લાજમાં લુટાયે રે. આજ૦ ૪
વાલાજીનાં વચન મીઠા, કાંખમા કૃષ્ણે કાંગુવા દીઠા. વાલાજીના૦
ગાંઠડી ગ્રહી ગોવિંદ જીએ, ભાવ ધરીને ખાયે રે. આજ૦ ૫
એક પ્રભુ રહેયા તમે, બીજા હવે રહેયા અમે. એક પ્રભુ૦
હરખે કરી સુદામાનાં, ગુણ શિવજી ગાયે રે. આજ૦ ૬

થાળ ૧૮ મો.

લાડલી પ્યારો લાલ કરત બ્યારૂ એ:—રાગ.

હાંરે નંદ લાલ જીમત હલધર હરજી ૦ ટેક.
શાક પાક પકવાન જલેબી, કોઉ દેખત કોઉ ખાત નંદલાલ. ૧

કોઉ માગત મેશુપાક મીઠાઇ, કોઉ કોઉ લેતલજાત. નંદલાલ. ૨
ઘેવર બરફી ઓર બાસુંદી, જીમત જાત સરાત. નંદલાલ. ૩
કોઉ માગત દહીદુધ મલાઇ, કોઉ માગત ઘ્રત ભાત. નંદલાલ. ૪
લે મુખવાસ ગયેસબ ઘરકો, બીતગઇ આધીરાત. નંદલાલ. ૫
કહે શિવજી ધનભાગ તિહારો, નંદ યસોમતિ માત. નંદલાલ. ૬

થાળ. ૧૯ મો.

રાગ કલ્યાણ.

ગિરધર બ્યારૂ કીજે, તેરેપૈયા લાગું ગિરધર બ્યારૂ.
બ્યારૂ કીજે, જનની કું સુખદીજે, તેરેપૈયા. ટેક.
પત જાુગુલીયા તનુ પહિરાયે, ખિજત ખિજત સુંદર તન છીજે. ગિ૦
પવાં મિશરી ઓર મલાઇ, ઘેવર બાસુંદી રૂચી રૂચી લીજે. ગિર૦ ૨
યમુનાં જલજારી ભરી રાખી, બંધુ સાખા મિલ મિલ પીજે. ગિર૦૩
કાંથો ચુનો લવીંગ સોપારી, પાન બીડા હસી હસી લીજે. ગિર૦ ૪
યુગલ મંડલી બ્યારૂરે કીજે. પરમાનંદ શેવક પરરીજે. ગિર૦ ૫

થાળ ૨૦ મો રાગ એજ.

માખન ચોરી ચોરી ખાઓ, ઇન ચત્રભુજ માખન. ટેક.
આપહીં ખાવત ઓરહીં ખીલાવત, વછડન દુધ પીલાયો. માખન. ૧
દુધ દહી મેરે ઘર કછુ નાંહી, દુખ જાુત દિવસ ગમાયો. મા૦ ૨
મરકટ જ્યું મૈયા તેરો સુત આવત, લડકન ઓત ખીલાયો. મા૦ ૩
કહેશિવજી ગોપીઅન કાકીનો. સોવત સીંગ જગાયો. માખન૦ ૪

થાળ ૨૧ મો રાગ એજ.

બલદાઉ સંગ બ્યારૂ કરન પ્રભુ આયે, બલ૦ ટેક.
ભાત ભાતકે ભોજન કીજે, રૂકમની હાથ બનાયે. બલ૦ ૧
વિંજણે વાયુ કરત સત્યભામા, સુતકો મૈયા જીમાયે. બલ૦ ૨
કમલા કનક કળશ કરલીનો, યમુનાજલ ભરીલાયે. બલ૦ ૩
સ્યામ સખાસંગ ભોજન કીનો શિવજી કે મન ભાયે. બલ૦ ૪

થાળ ૨૨ મો રાગ ખંભાર.

બ્યારૂ કરે પ્રભુ બ્યારૂકરે, પ્રભુબંધુ સખાસંગ બ્યારૂ કરે. ટેક.
માખન મિશરી ઓરમલાઇ, જનક સુતા સબ આગે ધરે. પ્રભુ૦ ૧
પેડા પુડી પકવાન બાસુંદી, લીએ બહુત કોઇ નાંહી દરે. પ્રભુ૦ ૨
શાક પાક ફરશાણ મીઠાઇ, ખાત જાત મનમાહે ભરે. પ્રભુ૦ ૩
કહે શિવજી ભોજન કો મહીમા, જોરે સુંનરે ભવ સિન્ધુ તરે.૦ પ્રભુ ૪

થાળ ૨૩ મો નારાયણ નરસિંગ એરાગ.

ભોજન કાજ બોલાવત સુતકું માઇ જસોદા માઇરેં ટેક૦
દૂધમેં હમકું ચાહિયે મિસરી, માખન સંગ મલાઇરે.
દુધપાક કીજે શાકરકો, મોકું દીજે પીલાઇ રે. ભોજન ૧
ખાટી છાશ મોહે નહીં ભાવે, જાનત નાંહી જમાઇ રે.
રોટી લપેટી દીજે માખનસો, ઇતની કીજે ભલાઇ રે. ભોજન. ૨
મીઠી મહીહે ગોપી અનકે ઘર, દીજે કટેરી ભરાઇ રે.
નાહિત ભોર જાત ગૈઅનમેં, પીવેંગે દુધ ચુરાઇ રે. ભોજન૦ ૩

એહી બિધિ કેશવ કરત કુતુહલ, નંદરાય હરખાઇ રે.
કહે શિવજી ધનભાગ જસોદા, સાચી સામ સગાઇ રે ભોજન૦ ૪

થાળ ૨૪ મો.

પરિ બ્રહ્મ ગોવાલીઆમાં—એ રાગ.

એક દીન સ્યામ રામ દોઉ સંગ સખાસબ કુંદુક ખેલન આયે;
કટી પેંચસો કસી કસી બાંધતં, દોઉ દોઉ ઉપલ ઉઠાયે. ટેક૦
ઈત ધનસ્યામ દાઉજી ઠાડે, ઉત બીચમેં લક્ષ ઠેરાયે.
ગેંદ ગહી ગોવિંદ ગોહરાવત, ધાવત ધરનો ધ્રુજાયે. એકદીન૦ ૧
ફેંક પતંગ પડત પૃથ્વીપર, લાગત લક્ષ ગિરાયે.
સાત પથરલે એક એકપર, ચત્રભુજ આપ ચડાયે. એકદીન૦ ૨
મંદ મંદ મુશકત મધુ સુદન, હલધર હિય હરખાયે.
મારી દેત નાંહી કોઉ કીશીકું, કોટિક કરત ઉપાયે. એકદીન૦ ૩
કંદુક કેલી કીયે કરૂણા કર, દુંદુંભી દેવ બજાયે.
કહે શિવજી આછી રોટી જુવારીકી, મહી ઓર માખન ખાયે ૪

થાળ ૨૫ મો રાગ—એજ.

ઋષિવર રામકેશવ દોઉ ગાવાં ચરાવત સાથ સખા સબલાયે.
ભુખ લગી હય હરી હલધરકું, અનહમ જાચન આયે. ટેક૦
જોગ જજ્ઞ વ્રતનેમ તપસ્યા, કરત અનેક ઉપાયે.
પ્રેમ બીના પુરન પુરૂષોત્તમ, રીજત નાંહી રીજાયે. ઋષિવર૦ ૧
મૂઢ ભયે મુનિવર મથુરાકે, સમુજ નહીં સમુજાયે.
વિધિ વંચિત ઇત કંશ કોદરઉત, બેઠરહે શચુપાયે. ઋષિવર૦ ૨

ગોપ નિરાશ ગયે ગોવિંદપે, પુનિ પ્રિયા પાસ પઠાયે.
નામ સુન્યો જબ નંદ નંદનકો, આનંદ ઉરન સમાયે. ઋષિવર૦ ૩
પુડી પાક પકવાન પકાવત, વ્યંજન વિવિધ બનાયે.
ભરી ભરી થાળ ચલી બ્રજબનિતા, જીઉં સરી સિંધુ સમાયે. ઋ૦ ૪
હાસ વિલાસ કરત અબળા સંગ, પાવત પ્રીત લગાયે.
કહે શિવજી ધન ભાગ સખીયનકો, ચલી ચરનશિર નાયે. ઋષિવર૫

થાળ ૨૬ મો—રાગ એજ.

ગિરધર ગોપ ગયે ગોવરધન ગિરિપર, બહુ બિધિ બાજે બજાયે૦
રથ પર બેઠ ચલી ગોપી સબ, ગોવિંદ ગુન ગનગાયે. ટેક૦
ઈત પ્રભુ બચન સુનાવત સબકું, ઉતહીં બને ગિરીરાયે.
હેરી હેરી હિય હરખત હલધર, મોહન મન મુશુકાયે. ગિરિધર૦ ૧
શાક પાક બહુ સ્વાદુ સુધાસમ, અસન અનેક બનાયે.
કંચન થાલ અનુપ શૈલપર, ભરી ભરી ભોગ લગાયે. ગિરિધર૦ ૨
પુનિ પુનિ પ્રભુ પુજત પરવતકું, બિનય કરત પડિપાયે.
ભોજન કરત દીખ ગિરિવરકું, સ્યામ સબહિં દરસાયે.ગિરિધર૦ ૩
ખાવત પિવત ઔર લુટાવત, ગોપ ગોવિંદ ઘરઆયે.
કહે શિવજી ધન ભાગ આહિરકો, ધન ગોકુલ નંદરાયે. ગિરધર૦૪

થાળ ૨૭ મો—રાગ એજ.

વ્રજપર આવત બાર બલાહક જલધર, બહુ બરસા બરસાયે.
ઈન્દ્ર ચઢે ઐરાવત ઉપર, રોકત નાંહી રોકાયે. ટેક૦

વાયુ વહે ઉનચાસ પરસ્પર, રજ બહુ અંબર છાયે.
ગરજત ઘન ચમુકત બિજુલી નભ, આહિર અતિ અકુલાયે. વૃ૦ ૧
હે કેશવ. બળ રામ પુકારત, અબ હુમ જાત દુબાયે.
આરત બચન સુનત નંદ નંદન, ગિરીવર લીન ઉઠાયે. વૃજ૦ ૨
શોક કરત સુરપતિ સુરભી સંગ, કૃષ્ણ ચરન શિરનાયે.
મોહન માન મથ્યો મધવાકો, અપને લોક સિધાયે. વૃજપર૦ ૩
સબ મિલી ભોજન કરત સ્યામ સંગ, સુખી ભયે નંદરાયે.
ઘરઘર ગાવત ગીર ગોપી સબ, શિવજી હિયે હરખાયે. વૃજ૦ ૪

થાળ ૨૮ મો-રાગ એજ.

પરિબ્રહ્મ ગોવાળિયામાં ગોવિંદજી રે, કરમાં લઇને હરી જમીઆ ટેક૦
યજ્ઞ થાયે ત્યાં ક્ષણ વારન આવે, વાલો મારો અન આયેરડાનું ખાયે,
આપ આપનાં ભાતાજ છોડેયા, લઇ લક્ષ્મિવર આગે ધર્યા.
શાક પાનને વિવિધ ભાતનાં, લઇ લક્ષ્મિવર ચાખેયા. પરિબ્રહ્મ ૧
બ્રહ્મલોકથી બ્રહ્માજી પધાર્યા, વાછરડા હેરી લીધાં.
તેવ તેવડા સરખે સરખામણાં, આપસરીખાં કીધાં. પરિબ્રહ્મ ૨
બ્રહ્માજીએ મનમાંહી વિચાર્યું, દિન થઇ હરી આવ્યા.
જમુનાં જલ ચરૂં કરત ચતુર્ભૂજ, મહા મસાદી પાવ્યા. પરિબ્રહ્મ ૩
અંતરજામીને તતક્ષણ જાણેયા, દિનતણું રૂપ લીધું.
નરસૈયાંના સ્વામી ચતુરસિરોમણી કામરીયે ફરલોયાં. પરિબ્રહ્મ ૪

થાળ ૨૯ મો—બલવંતાછો બેલી એ રાગ.

પાતલીઆ પ્રિતે જમજોરે, પ્રિતમ પ્યારા. ટેક૦
દેવકીનાં જાયા પાક પીરસ્યા છે પનવારે.
માંહે શાક મેલ્યા છે એક હારે રે. પ્રિતમપ્યારા ૧
દેવકીના જાયા ઘેવર પેંડા બરફીને બાશુદી.
માંહે મેલ્યા મોદક બુંદી રે. પ્રિતમપ્યારા ૨
દેવકીનાં જાયા વડા વડી વાલને વટાણાં.
આપ્યા આદુનાં અથાણાં રે. પ્રિતમપ્યારા ૩
દેવકીનાં જાયા ભરી રાખી યમુનાં જલજારી.
ઉપર ચાવો પાન સોપારી રે. પ્રિતમપ્યારા ૪
દેવકીનાં જાયા શિવજી માથે કેશવ કૃપાકીજે.
દાસજાણીને દરશન દીજે રે. પ્રિતમપ્યારા ૫

થાળ ૩૦ મો રાગ—એજ.

જીમોતો જીમાડું રે જીવનપ્યારા, તમે રમોતો રમાડુંરે મોહનમારા. ટેક.
સાંવલીયા વાલા આજ સફળનું છે દહાડો,
માધવરાય અમને મેલોરે. જીવનમોરા ૧
ગોપીના વાલા ખાજા લાડુ જલેબી પકવાન,
તમે આરોગો ભગવાનરે. જીવનમોરા ૨
સાંવલીયા વાલા શેવશુંવારી પાપડ પુડી,
તમને સુખડી આલુંરૂડીરે. જીવનમોરા ૩

ગોપીના વાલા રસોઇ બનાવી રૂડી રીતે,
પાતલીયા જમજો પ્રીતેરે. જીવનમોરા ૪
સાંવરીયા વાલા આદુ લીંબુ કેરીનું અથાણું,
માંહે રાઇતણું સાંધાણુંરે. જીવનમોરા ૫
ગોપીના વાલા જલજમુનાની ભરી જારી,
તમેં આચમન કરો મુરારીરે. જીવનમોરા ૬
સાંવરીયા વાલા પાન સોપારી બીડલો આલું,
પ્રભુ તે પણ તમને વાલુરે. જીવનમોરા ૭
ગોપીના વાલા ભણે નરસૈયો ગુણગાવે,
હરિને નિત રીઝાવેરે. જીવનમોરા ૮

થાળ ૩૧ મો.

બાર બાર બાર કાનો કરત પુકાર—એરાગ.

ગોવાલ બાલ બાલ જીમેં મદન ગોપાલ, લાલ શોનેકા થાલ;
ઉસીમેં જીમેં પનાલાલ, ગોવાલ બાલજી; ટેક૦
હાંરે આગે આઇ જસોદા માઇ, વાંકે સંગ સખિ સોહાઇ.
સિક્ષાલાઇ આઇ હે સાથ, કડતી નાંખો ઉસીમેં ભાત.
આપેરીઆકી જાત, ચંપે મોગરે કા તેલ, કસ્તુરી ધૂપેલ.
મરદન કરો કનૈયા લાલ, ગોવાલ બાલજી. ૧
હાંરે—જારી જમુનાજીકી ભરલાઇ, ત્રાંબા કુંડીમેં ઠલવાઇ.
બાજોઠ પર બેઠાઇ, દેખો બાલકી શરૂાઇ.

હાંરે એક ગોપી લાવે ટોપી, હીરા શાંકડી અમોટી.
લીચા પીળે પિતાંબર શાલ, ગોવાલ લાલજી. ૨
હાંરે પ્રથમ મેવા લાઇ સાર, પાપુ બડે બડે ધોચાર.
સેતૂ જાંબુ હે ગિરધાર, કેડશફૂળ ચંદ અનારશ.
પપનુશ દાડમ રખો પાસ, ચણીયેબોર લંબેબોર નવેબોર.
નવી લાઇહુય અકોર, ઉશીકી નવીહુય જાત. ગો૦ ૩
હાંરે સાફ કરની હે બદામ, ખારેક મીઠીહુય તમામ. પિસ્તે
હલુવે હુય ગુડધાન.
નારંગી ધોરંગી ભોરીભકી, ખટીમિઠી ઠંડી યહ દ્રાખ
ગોવાલ બાલજી. ૪
હાંરે શીરો પુડીને દુધપાક, ઢાલી ચાર્વલીને દ્રાખ.
ઉપર શકર બુરા શાક, શ્રીખંડ બાસુદીકા થાલ. ગોવાલ બાલજી. ૫
લાડુ મગદળિયેકા સારા, ખુમણ હલુવે ખૂબી વારા.
આંટા જલેબીકા ન્યારા
ખુંદી છૂટલ્યોને પ્યારા, મોરે ખાજે તાજે પેડે.
ગુણ ગુણ આપ આપકું ગાજે,
પ્રભુ કીજે મોહે ન્યાલ, ગોવાલ બાલજી. ૬
લાવી વ્રજથી અક્રુર, ભિણજ બની હુબા હુબ.
રખે માવેકા ગુલ ગુલે૦
હાંરે ઠોર રૂડે માલ પુડે,વડે રખે પાપડ વડે. ઉશીકો અછી રીતે ચાવ,
ગોવાલ લાલજી ૭

હાંરે શેટી જીરાસાઇ ભાત, સુંદર શાક પાક હય જાત.
ભીંઢા વાલોર વટાણા
મુરાગલ કારી કારેલા, કડી વડી હુય જાજી.
કડ કડ ભાજી લાઈ તાજી,
સુરણ ગીશોડીકા શાક, ગોવાલ લાલજી ૮
કેરી આદુ લીંબુ સાર, રખે થાલમેં આચાર.
સ્વાદ ગરમરકા હે ન્યારા,
પાવે પ્રેમે મોહન પ્યારા, નીરે મીરચ્યે તીખે ભારી.
તીખા લગેંગા ગિરધારી,
દહીદુધ છાશ હુય મોરી, રખી માખણ ઓર કટોરી.
ઉશકુ જૂદા કરો લાલ, ગોવાલ લાલજી ૯
ચટણી આંબલી શેં બનવાઈ, આલશા પથરપર ગુંટવાઇ.
કોથમરી મિરચ્યે નીરે ધાણે, દૂજે મરી કે હુય દાણે.
ઈંદ્રજીરો મીઠો ઢાલ. ગોવાલ લાલજી ૧૦
શોનેકી સીતલ જલ જારી, પાણી પીજો શ્રી ગિરધારી.
પાન લવીંગ સોપારી, બીડલા બનાવું બનવારી.
મુખડા હો જાયેંગા લાલ, ગોવાલ લાલજી. ૧૧
ગેલી ગોપી જોડ ગાવે, ઉસીકો પાર કોઇ નહીં પાવે.
નટવર નાગર બેન બજાવે, સબ સખી મંગલ ગાવે.
પ્રેમશું પુષ્પ ચડાવે, દર્શન દેજો શ્રીનંદલાલ, ગોવાલ લાલજી.૧૨

થાળ ૩૨ મો—ઓધા પધારે મોહનજી એ રાગ.

જમવા આવો જદુ કુલના રાજા, કિધાં છે મેં તો ગેવરને ખાજા ટેક.
આવોને હરી બાજોઠીયા ઢારૂં ઉપમાં દઈ કરૂં છુ તમ સારૂં.
મારે રે હાથે ચોરીને નવરાવું, જમવા૦ ૧
પ્રથમ મેં તો પકવાનો પિરસ્યાં, દુનાં દહી દુધ તણાં ભર્યાં.
ત્યારે રે દેખી નેણલા મારા ઠર્યાં, જમવા૦ ૨
સુત્ર ફણી કિધી છે રીતે, જમાડુ હું તમને પુર્ણ પ્રીતે.
જમોતો નાથ આનંદ થાયે રીતે, જમવા૦ ૩
જમુનાંજીનાં જલની ભરી જારી, બીજીતે આલુ પાનને સોપારી.
ગોવિંદ સુત કેશવ બલિહારી, જમવા૦ ૪

થાળ ૩૩ મો—રાગ એજ.

પધારોને પ્રિયતમ ગિરધારી, કિધી મેં સામગ્રીની તૈયારી. ટેક૦
નવા આમ્રફળ લાવ્યા સુખકારી, ઉત્તમ આફુસને પાયરી સારી.
વિવિધ એવી જાતો છે મનહારી, પધારોને૦ ૧
સફળચંદ સિતાફળ સારા, રૂડા કેડા કોકણનાં ન્યારા.
લાવ્યા રૂડા અંજીર બહુ પ્યારા, પધારોને૦ ૨
લીંબુ જાંબુનેં નારંગી તાજી, સોભા તેની વર્ણવું શું જાજી.
આરોગીને થાવો પ્રભુ રાજી, પધારોને૦ ૩
સુદામાની ભેટ પેઠે જાણી, સ્વિકારો દયા ઉરમાં આણી.
પ્રભાકરની સાંભળી લ્યો વાણી, પધારોને૦ ૪
તમે ભક્ત વત્સલછો વાલા, લગાડો શું વાર પ્રભુ ઠાલા.
રોકી બેઠી તમને શું વૃજબાલા, પધારોને૦ ૫

થાળ ૩૪ મો.

હરી હવે શરણું તમારૂં છે સાંચુ. એ રાગ.

વ્રજ જનનાં વાલા, જમવા આવોને નંદલાલા. ટેક૦

ભાત ભાતનાં શાક બનાવ્યા, ઘૃતમાંહી આચાર તરાવ્યા.
તેનાં ભરી ભરીને થાળ ધરાવ્યા, વ્રજ જનનાં૦ ૧

સાટા સુત્રફેણી સુખકારી, ઘેવર ખાજા છે ગુણકારી.
બની બરફી બાસુદી બુંદી સારી, વ્રજ જનનાં૦ ૨

મોહનથાળ મેસૂક મનોહર, માલપુવાં કિધા બહુ સુંદર.
કીધુ શ્રીખંડ સરસ મનને સુખકર, વૃજ જનનાં ૩

પુરણ પુડી રૂડીજાજી, પ્રભુ! જલેબી છે બહુતાજી.
વિધ વિધ હલુવો આરોગી થાવો રાજી, વૃજ જનનાં ૪

બદામપાક બન્યો બહુસારો, દુધપાક છે તેથી ન્યારો.
જેમા ઉડે કેશરનાં ભભકારો, વૃજ જનનાં ૫

વિશેષ વર્ણવી શું કહું સ્વામી, પ્રભુ તમો છો અંતરજામી.
આવો આવો વેલા ગરૂડનાં ગામી, વૃજ જનનાં. ૬

પુનિત ભર્યું છે જમુનાનું વારી, હસ્ત ધુઓ ગોવર્ધન ધારી.
લ્યો આ તાંબુલ પાન પ્રીતે ધારી, વૃજ જનનાં ૭

ઋષિ પ્રભાકર લાલ તમારો, શ્રી હરી તેને રખે વિશારો.
દરશન આપી ભવ સિન્ધુથી તારો, વૃજ જનનાં ૮

થાળ ૩૫ મો રાગ ઠુમરી

બિડી પાનનકીરે લેતાં જાઇયોરે સાંવરીયા બીડી પાનનકી. ટેક૦
કાંથોરે ચૂનો વારી લવીંગ સોપારી, એલચી હઉંગી
શનમાનનકીરે, લેતાં૦ ૧
એકતો બીડો મારી શાસુ નણંદકી, દુસરી બીડી
છોટે કાનનકીરે લેતાં૦ ૨
ઇસરે બંશલીમેં શબજગ મોહેયો, બેટી મોહીરે
બ્રખુ ભાનનકીરે લેતાં૦ ૩
આવો શ્રી કૃષ્ણજી ચોપડ રમીએ, બાજી બની
શારી રેનનકીરે લેતાં૦ ૪
ચન્દ્રસખી ભજે બાલકૃષ્ણ છબી, જોડી બની
રાધે કાનનકીરે લેતાં૦ ૫

થાળ ૩૬ મો લાડલી લાલ એ રાગ.

લાલજી પ્યારો લાલ કરત બ્યારૂ લાલજી ટેક૦
રત્ન સિંહાસન ચોકી લૈઆવું, તાપર કંચન થાળ, કરત૦ ૧
મેવાને મિશરી ઓર બાસુંદી, ફિણીયા દુધ અતિસાર. કરત૦ ૨
પુડીને રૂડી રૂડી તરત જલેબી, બુંદીયા અધિક રસાલ, કરત૦ ૩
કરી આચમન સિંહાસન બેઠા, સાંવરી સખી બલિહાર કરત૦ ૪

થાળ ૩૭ મો.

સંતનો બલિહારી બલિહારી–એ રાગ.

પધારો વનમાળિ વનમાળિ. મેંતો કરી છે ઠાકર થારી, ટેક૦

મેંતો ગરીબ તેરી દાસી, તમ પ્રેમકી હું પ્યાસી.
દાસીની પુરજો આસી, પધારો ૧
ભાત ભાતનાં લાવું મેવા, આરોગોને વાસુદેવા.
ભવની એંરજની રેવા, પધારો ૨
શાકર દ્રાખ ખજુરી, નથી નથી બાસુંદી પુડી.
મારી સાસુ નણંદની સુરી પધારો ૩
જલ જમુનાની છે જારી, લાવ્યા લાવ્યા રાધે પ્યારી.
તમેં આચમન કરો ગિરધારી, પધારો. ૪
મેંતો તજી છે લોકની શંકા, મારા પ્રીતમ કાધર બંકા.
મીરાંબાઇએ દીધા દંકા, પધારો. ૫

થાળ ૩૮ મો. રાગ ગરબી.

મારે ઘેર આવજો માવા, ભાવેતો ઢેબરૂ ખાવા—ટેક.
બાજરીનાં બે ઢેબરાં કીધાં તરીયાં ઝાંઝાં તેલ.
કટકો પાપડ કોચલી ઉપર દહીનું દબકું મેલ. મારે૦ ૧
જસોદાના માવા, આવોને વાંશલડીવાલા.
ઉના ઉના રોટલો આલું, ખોબલે ખોબલે ખાંડ.
ફારીંગડાનું શાક કીધો છે, જીમો મારા કાન. મારે૦ ૨
બાજરીનાં બે ઢેબરા કીધાને, ઘીએ મેલ્યા વહી.
રામ કૃષ્ણ પ્રભુ રંકને રે, તમારી સાચી છે સગાઈ. મારે૦ ૩

થાળ ૩૯ મો. રાગ ઝીંઝોટી તાલ દીપચંદી.
(નાથ કૈસે ગજકો બંધ છુડાયો) એ રાગ.

પ્રભુછો મુજ પ્રાણ પ્યારા, જમો જગજીવન જગત આધાર. ટેક૦
તેલ ફુલેલ અત્તરથી મરદન, કરીને કુંજ વિહારી,
ઉબણ ગુલાબી નિરમલ જલથી, મંજન કરો બનવારી— જમો૦ ૧
પીતાંબર પટ અંગ ધરીને, તિલક મનોહર કીધું.
ચરણ પખાડી પ્રાણપતીનાં, ચરણામૃત મેં પીધું જમો૦ ૨
છિચણીઆ બાજોઠ ઢરાવી, ગાદી ગલીચા બીછાવ્યા.
ચંદન ચરચી પુષ્પ ચઢાવી, મંદીર માં પધરાવ્યા. જમો૦ ૩
થાળ ધર્યો મન મોહન આગે, કરી સામગ્રી તૈયારી.
પવન કરૂહું કુસુમ પંખાથી ધરી શીતળ જળ જારી. જમો૦ ૪
પાક ચુરમાં શેવશુંવાળી, લાડુ લાપસી પ્યારી.
મગદળ માલપુવા બાસુદી, પુરી અધિક સુવારી. જમો૦ ૫
આંબા મધુર લઇ મન રંજન, લીધાછેરસગોળી.
રસિક રોટલી અજબ બનીછે, તાજા ઘૃતમાં બોળી. જમો૦ ૬
પેંડા સાટા ગગન ગાંઠિયા, બુંદીનવીન કરેલી.
મેસુક ઘેવર પાક ગુલાબી, બરફી થાળ ધરેલી. જમો૦ ૭
હલવો માજમ ખાજાં તાજા પતાસા, સુત્રફેણી છે તાજી.
શાક છત્રીસે ખુબ બન્યા છે, ભાત ભાતની ભાજી. જમો૦ ૮
દાળ ભાત દહી દુધ ધર્યાં છે, ખીચડી પર ઘ્રત ધારા,
વડી કઢી કાચરી ચો ભજીયા, પાપડ છે તમ કારા. જમો૦ ૯

અનંત શાક પકવાન અથાણાં, જમિયા અંતરજામી;
મોછણ લઈ જલપાન કરીને, ત્રપ્ત થયા બહુ નામી. જમો-૧૦
કાથો ચુનો પાન જાવંત્રી, એલચી લવીંગ સોપારી;
દેવીદાસનાં સ્યામ રસીલા, લ્યો મુખવાસ મુરારી, જમો-૧૧

થાળ ૪૦ મો.

રઘુપ રઘુનંદન આવત હે એ રાગ.

આજ સખી મનમોહન મારે, મંદિર આવ્યા કુંજવિહારી.
ગાદી ગલીચા બાજોઠઢાલ્યા, ભરી રાખી શીતલ જલજારી. ટેક.
પેંડા પતાસા સાટા જલેબી, મોહનથાળ મેસુક મીઠાઇ;
હલવો બુંદી ગગનગાંઠિયા, જુગતે જમો ને શ્રીજદુ રાઈ; આજ-૧
બરફી માજમ પાક ગુલાબી. સુત્રફેણીનો સ્વાદ આપારી;
લાડુ લાપસી શેવ શુંવારી, દુધપાક પુડી અતી પ્યારી; આજ-૨
મગદળીઆ શીરો બાસુદી, પાક ચુરમા લ્યો મુજ પ્યારા;
ખાજા તાજા ખીર મધુરી, ઉપર ખાંડ દહી ઘ્રત ધારા; આજ-૩
આંબારસ ને ભાત રોટલી, માલપુવા છે જીવન મારા;
મધુર પુડલા દાળ ખીચડી, શાક છત્રીસે લ્યો હરી પ્યારા; આજ-૪
કાચરીયો ભજીઆં કઢી પાપડ, રસિક રાયતાં પ્રેમ પ્રકાશી;
અનંત અથાણાં ભોગ ધરીને, દુધ દહી પીજો અવિનાશી; આજ-૫
ભોજન કીધાં ભાવ ધરીને, પ્રસન્ન થયા છે સારંગપાણી;
મોછણુ લઇને જુઠ મસાદી. દીધી સૌને નીજ જન જાણી. આજ-૬

કાંથો ચુનો જાવંત્રી તજ, પાન એલચી લવીંગ સોપારી;
દેવીદાસનાં સ્યામ રસીલા, હરખ્યા લઇ મુખવાસ મુરારી; આજ—૭

થાળ ૪૧ મો.

પ્યારી ગિરધારી બોલાવે એ–રાગ

પ્રીતમ પ્રણાધાર, જમો જગજીવન પ્યારા. ટેક.
પ્રીત હતી પૂરવતણી, તમ સાથે વૃજરાજ !
મંદિર મારે માવજી ! અલબેલા પધાર્યા આજ. જમો–૧
અત્તરતેલ ફુલેલથી, મરદન કરીને અંગ;
નિરમળ નીર ગુલાબથી કીધા, મંજન રાખી ઉમંગ, જમો–૨
પીતાંબર પટ પેરિઆ, તિલક મનોહર ભાલ;
બાજોઠે બેસાડીઆ, નિરખી રૂપ થઇ હું ન્યાલ; જમો–૩
થાળ પ્રભુ આગે ધર્યો, નિરમળ રાખ્યા નીર;
જમવા બેઠા જદુપતિરે, સુખસાગર સ્યામ સરીર. જમો–૪
ભોજન પિરસ્યા ભાવથી, બહુ પકવાન મીઠાઇ.
શાક અથાણાં રાઇતા રે, મુખેમાંગીલેજો જદુરાઇ. જમો૦ ૫
ભાત દાળને ખીચડી, દુધ દહી ઘ્રત છાશ.
ભાવેથી ભોજન કર્યુંરે, નંદ નંદન શ્રી અવિનાશ. જમો૦ ૬
મોછણ મધુરા નીરથી, કીધું નંદ કિશોર.
મગન થયા મુખવાશથી રે, દેવીદાસતણાં ચિત ચોર. જમો૦ ૭

થાળ ૪૨ મો. રાગ આશાવરી.

જમવા બેઠા અખિલ લોકપતી, આશરીએ અવિનાશિરે.
ખટરસ ભોજન સરસ સુધારી, કનક થાળ ધર્યો આગેરે. જમવા૦ ૧
વિધ વિધનાં પકવાનો પીરસ્યા, જે જે સારા લાગેરે.
મોતી ચુર જલેબી ઘેવર, મનગમતાં જે માંગેરે. જમવા૦ ૨
દુધપાક પુડી જમે પ્રભુજી, નિર્ખે દુઃખ દુર ભાગેરે.
કડી વડી જમી શાક વખાણ્યા, સુંદર સ્યામ સોહાગેરે. જમવા૦ ૩
ચળુંકરીને મુખવાસલાધો, અધર અરૂણુ પ્રીત જાગેરે.
પ્રેમાનંદ કહે મનડું મોહ્યું, સરસ પોચાડી પાગેરે. જમવા૦ ૪

થાળ ૪૩ મો.

વાલામારા મોનજી આવ્યા એરાગ.

જમો થાળ જીવન જાઉંવારી, બેસો મેલ્યા બાજોઠીયા ઢારી.
કટોરા કંચનની થારી, જળે ભર્યો ચંબુ ચોખાળી. જમો૦ ૧
કરી કાઠા ઘઉંની પુળી, મેલી ઘ્રત શાકરમાં બોળી.
કાઢેચો રસ કેરીનો ઘોળી, જમો૦ ૨
કર્યા સાટા ગેવર કુલવડી, દુધપાક માલપુડા કડી.
પુડી પોચી થઇછે ઘીમાં ચડી. જમો૦ ૩
અથાણાં શાક સુંદર ભાજી, લાવીછું તરત કરી તાજી.
દહીભાત શાકર છે જાજી, જમો૦ ૪

ચળુંકરો લાવું જલજારી, એલચી લવીંગ સોપારી.
પાનબીડી બનાવી સારી, જમો૦ ૫
મુખવાસ મનગમતા લઇને, પ્રસાદી થાળ તણી દઇને.
ભુમાનંદ કહે રાજીથઇને, જમો૦ ૬

થાળ ૪૪ મો.

છબીલો કાનકેડા નમેલે એ રાગ.

વાલાભોજનીયા બહુ ભાત, જમો ગિરધારી રે.
તમને જોયા કારણે આજ, આવી વ્રજનારી રે. ટેક૦
સોના કેરો પાટલો, સોના કેરો થાલ.
જલ જમુનાની ભરીજારી, પાસે મુકી તત્કાલ. જમો૦ ૧
ઘેવર બહુ ઘીમાં કર્યાં રે, લાડુ શાકર ના સાર.
શેવ શુંવારી લાપસી માંહે, ઘીની મોટી ધાર. જમો૦ ૨
બરફી પેડાને મોતીઆરે, જલેબી જગદીશ;
સુત્રફેણી સામલા કરી, આવોને મારા ઇશ. જમો૦ ૩
દુધપાકને પુડીઆરે, માલપુડા મેસુખ.
કેડા સાકર રસ રોટલીથી, વાલા જમો તો જાયે ભુખ. જમો૦ ૪
ભજીયા વડાને રાયતા રે, વાલોરને વડતાંક.
કંકોડા કારેલડા તેના, સરસ કીધા છે શાક. જમો૦ ૫
ટેંડુરાને તુરીઆરે, ગલકા કિધા ગરમ.
તુવરની તમ કારણે, વાલા દાળ કરી છે નરમ. જમો૦ ૬

વડી કડી સર્વ શાકમારે, વધાર્યાં વાલમ.
આરોગો અલબેલડા સરમ રાખોતો મારાસમ. જમો૦ ૭
શ્રેષ્ટ સુરણનું શાકમેંરે, કીધું તમારે કાજ.
ફુલવાડી ફળી ગ્વારનીરે, તળી ઘીમાં તમકાજ જમો૦ ૮
ભાજી ભૂધર બહુ ભાતનીરે, વડી અથાણા અપાર.
દુધ ભાત માંહે બોબલે, નાંખુ શાકર વારંવાર જમો૦ ૯
ત્રપત થઇ ચરૂં કરો, મારા આત્મનાં આધાર.
પહેરાવું વાલા પ્રેમથી, ચંપા ચંબેલીનાં હાર. જમો૦ ૧૦
લવીંગ સોપારી એલચીરે, કાથો ચુનોને પાન.
ત્યાગાનંદના વાલમાં, મુખવાસ કરો ભગવાન. જમો૦ ૧૧

થાળ ૪૫ મો.

ચલો સખી દર્શન કરીએં એ-રાગ.

પરમદયાલ શ્રી પુરૂષોત્તમ જીમત હલધરલાલ હમારે;
પીતાબંર પંચરંગી સોહે, કનક સિંહાસન બાજોટ ઢારે; પરમ૦ ૧
શાક પાક પકવાન મીઠાઇ, જો ચાહેસો માંગીલ્યો પ્યારે. પરમ૦ ૨
ઘેવર બરફી ઔર બાસુંદી, આપ આરોગોનંદદુલારે. પરમ૦ ૩
દાલ ભાત ઘૃત દુધ મલાઇ, શાકર બુરા આપહીં ડારે. પરમ૦ ૪
પુરૂષોત્તમ કે દેવ દયાલુ, ભક્તનકે દુઃખ આપ નીવારે. પરમ૦ ૫

થાળ ૪૬ મો.

રઘુપતી રામ હૃદયમાં રેજોરે—એ-રાગ.

આરોગોને સત્ય નારાયણ સ્વામી રે,
વાલો વિશ્વનો અંતર જામી; આરોગો० ટેક.
તેડયાં બદ્રીનાથને ભાવેરે, લટકતી ચાલે હરી આવે રે.
નેણાં નીરખી મારાં લોભાવે, આરોગોને० ૧
લાવ્યા કલશ જલનાં સુગંધી રે, નાહેયા નટવર નેણ રંગીરે.
પેહેર્યા પીતાંબર પંચરંગી, આરોગોને० ૨
જમવા બેઠા હરી રૂડી રીતે રે, શાકર શીરો હું પીરસું પ્રીતેરે.
ગાવું ગુણ મધુરા ગીતે, આરોગોને० ૩
છપન ભોગ આરોગોને નાથ રે, લ્યોને કેશરનાં દુધ પાકરે.
મેલ્યા વાટકડા ભરી શાક, આરોગોને० ૪
આચમન કીધા છે મુરારી રે, પાન બીડાં લીધાં ગિરધારી રે.
દાસ બેચર જાયે બલિહારી આરોગોને० ૫

થાળ ૪૭ મો.

જમુનાં તટ ઠાડા. એ રાગ.

આછે મીઠે ચાખે ચાખે, બોર લાઇ ભીલડી રે. ટેક०
જુઠે ફલ પાયે સ્યામા, સુદ્ધ જબ ભાવ જાના;
એસી હરી ભલી કીની, રસકી રસીલડી રે. આછે० ૧

કોનત્રીયા વેદ પઢી, તુરત વીમાન ચડી;
બેશી હરી ભક્ષીકીની, વૈકુંઠ જીલડી રે. આછે૦ ૨
કોણ ત્રીયા આચારવંતી, સુચન રહી એક રતી;
કુલ ઓછી જાત નીચી, નપટ સુચીલડી રે. આછે૦ ૩
એસી પ્રીત કરે કોઇ, દાસી મીરાં તરે સોઇ;
પ્રેમકી પ્રતિજ્ઞા રાખી, ગોકુલકી આહેરડી રે. આછે૦ ૪

થાળ ૪૮. મો.

આયે નંદ કિશોર એ રાગ.

લક્ષ્મણ આજ કે સ્વાદ મીઠા બોર. ટેક૦
ઈનવન મેં ભૈયા કબહુન આયે, ફિરી આયે ચહું ઠોર. લ૦ ૧
કબહું કબહું કૌલલ્યા દીયે, કરત ઉનકી ઓર. લક્ષ્મણ૦ ૨
કોઇ કોઇ અતહીરે મીઠો, તાકી ખંડીત કોર. લક્ષ્મણ૦ ૩
ખાત શરાવત દોનુંરે ભૈયા, લેત બોરપર બોર. લક્ષ્મણ૦ ૪
તુલસીદાસ ભજો રઘુનંદન, ચરણજીવી રહે યહ જોડ. લક્ષ્મણ૦ ૫

થાળ ૪૯ મો.

આઇ બસંત ઋતુ એ રાગ

ભક્ત વત્સલ હરી, ભાવે ભાજી પાઇ રે. ટેક૦
દૂર્યોધન કે દ્વાર, કૃષ્ણ નહીં આવે બહાર;
વાલોતો વિદુર ઘરે, વિણ તેડ્યા જાયરે. ભક્ત૦ ૧

અનેક મીઠાઈ એલી, મેવો પકવાન મેલી;
તાંદુલ કેરી તરકારી, તે ભૂધર મન ભાયે રે. ભક્ત૦ ૨
જે જે અનેક જાગ, ભાવે ન યજ્ઞ ભાગ;
પ્રેમ કરી પ્રિતડી, દુજઇ નવ જાયે રે. ભક્ત૦ ૩
મુરાર કહે મહારાજ, સંતનકે સારે કાજ.
વિદુરકો વિખ્યાત કીનો, તીન લોક તારે રે. ભક્ત૦ ૪

થાળ ૫૦ મો.

નટવર નંદલાલ મારા એ રાગ.

જગના જીવન કાન મારા, તમથી લાગી તાડી રે.
નંદના કુંવર કાન મારા, તમથી લાગી તાડી રે. ટેક૦
એકલડી હું શેરીએ ચાલી, દૂરથી લઇ ભારી રે.
વાલે વાલી વાત કીધી ગોવીંદજીએ ઘેરી રે. નંદના કુંવર ૧
જીવણજીને નોતરા દેવા, ગોપી શવેં ચાલી રે.
કુંકાવટી તો ગરમાં ભૂલી, પ્રેમે લીધી પાલી રે. નંદના૦ ૨
શાંભેલો રવાઇઓ એતો, વાશીંદામાં વાર્યો રે.
ગેલી ગોપી ગોરસ વેંચે, ખડી કરી ખમાણીરે.
નંદનાં કુંવર૦ ૩
ખિચડીમાં ખાંડ ભેરી, ખીર કરી ખારીરે.
વણુ વાંશાનું વેલણભૂલી, પ્રેમે લીધી પાલીરે.
નંદનાં કુંવર૦ ૪

સૂપડામાં લઇને પીરસી, શેવને શુંવાશીરે.
માંચી ઉપર માંઢા મેલ્યા, પ્રેમે ભુલી થારીરે.
નંદનાં કુંવર૦ ૫
એલચી સાથે એરંઢીઆ મેલ્યા, પ્રેમે વારી બીડીરે.
સુરસ્યામ કહે ધન્ય ગોપીઓ, રાધિકા રૂપાળીરે.
નંદનાં કુંવર૦ ૬

થાળ ૫૧ મો. વંદુ વંદુ હું વારંવાર—એ રાગ.

જમો જમો તે જગત આધાર, જુગતે જમાડું.
શાંવરીયા સરજણ હાર, રંગભરી રમાડું. ટેક૦
બેશો બેશો ને મંદીરમાંહે, ચુગલા છોડીને.
શું કરશે દૂરીજન લોક, મુખડા મોડીને. જમો૦ ૧
મેં તો કોદ ઉશાળ્યો કુર, કપુરે વાશીરે.
સીરાવો શાકર દુધ, હરીની હું દાસીરે. જમો૦ ૨
પીરશું પીરશું પુડીને પાક, ગિરીધર ધી જાજો.
ઠારૂં ઠારૂં તે માંહેલ હાથ, સ્યામાટે લાજું જમો૦ ૩
પીયા પીયોને પૂર્ણાનંદ, જીવન જલ ટાઢું.
મુખવાશી આબીડલાપાન, એલચી હું આલું. જમો૦ ૪
મેં તો શારજીને સંસાર, સર્વે જોયું રે.
બાઢાનું ઠાકોર ઠીક, મારૂં મન મોહ્યુંરે. જમો૦ ૫

થાળ પર શ્રીહરી સંભાળુંરે—એ રાગ.

તમેં જમોતો જમાડુંરે, જીવન મોરા.
તમેં રમોતો રમાડુંરે જીવન મોરા. ટેક૦
વાલાજી મારા, ખાજાલાડુ જલેબી પકવાન.
તમેં આરોગો ભગવાનરે, જીવન મોરા. તમેં૦ ૧
વાલાજીમારા. શેવ શુંવારી પાપડ પુડી.
માંહે સુખડી મેલી રૂડીરે, જીવન મોરા. તમેં૦ ૨
વાલાજી મારા, દાળભાત કડી કર્યાં.
કાંટોલા આગળ તર્યારે, જીવન મોરા. તમેં૦ ૩
વાલાજી મારા, આદુ લીંબુ કેરીતું અથાણું.
માંહ રાઈતણું સંધાણુંરે જીવન મોરા. તમેં૦ ૪
વાલાજી મારા, જલ જમુનાની ભરી લાવું જારી.
આચમન કરોને મુરારીરે, જીવન મોરા. તમેં૦ ૫
વાલાજી મારા, પાન સોપારી બીડલો આલું.
પણ તે પણ તમને વાલુરે, જીવન મોરા. તમેં૦ ૬
વાલાજી મારા, દાસ નરશૈયો ગુણ ગાવે.
હેતે હરીને સંભાળેરે, જીવન મોરા. તમેં૦ ૭

થાળ ૫૩ રાગ કાફી. (કચ્છી ભાષામાં)

આ મુંઇજે અંગણવલા, મકર મન ઉદાસીરે. ટેક૦

સુદામેંજી સુખડી ખાંધા બફક, બટીઅ ભરે આંઇ વલા.
જુરેલ ઝુંપડીપરહર્યાં આઇ, શોનજા મંદિર કયાવલા.
આ મુંઇજે૦ ૧

દુર્યોધન કે દૂર કયાં અઇ, વિદુર રખ્યા રાજી.
જુરેલ ઝુંપડી તુટેલ મંજો, ભાવશેં ખાધા અઇભાજી.
આ મુંઇજે૦ ૨

બોર બુટી આંઇ દંધનસેં, તીનીકે તારીએ તું ભોરારે.
પટી કારણ ચીરજ પૂર્યા, ગુણ ચંગેજા થોડા.
આ મુંઇજે૦ ૩

ખુબ કરેને ખીચડો ખાંધે, કરમાં કુની ચાડે આંઇ વલા;
દાસ લખો આંજે પેરે પવેતો, કઇ તુંઇજી થારીરે,
આ મુંઇજે૦ ૪

શ્રી સત્યનારાયણની આરતી.

જય લક્ષ્મી રમણા, પ્રભુ જય લક્ષ્મી રમણા;
સત્યનારાયણ સ્વામી, જન પાતક હરણા. જયદેવ જયદેવ. ટેક૦
રત્ન જડીત સિંહાસન, અદ્ભુત છબી રાજે; પ્રભુ૦
નારદ કરત નિરાંજન, ઘંટ ધ્વનિ વાજે. જયદેવ જયદેવ૦ ૧
પ્રગટ થયા કલીમાંહે, દ્વિજને દર્શન દીધાં; પ્રભુ૦
વૃદ્ધ બ્રાહ્મણ વણિકનાં, કંચન મહેલ કીધા. જયદેવ જયદેવ૦ ૨
દુર્બળ ભીલ કઠીઆરો, તેહપર કૃપા કરી; પ્રભુ૦
ચન્દ્ર ચૂળ નૃપતિની, વિપતી શર્વે હરી. જયદેવ જયદેવ૦ ૩
વૈશ્યેં વ્રત આરંભ્યુ, શ્રદ્ધા તજી દીધી; પ્રભુ૦
કષ્ટ વેઠીયું અતિશય, ફરી સ્તુતિ કીધી. જયદેવ જયદેવ૦ ૪
ભાવ ભક્તિનાં કારણ, ભીન ભીન રૂપ ધર્યાં; પ્રભુ૦
શ્રદ્ધા હૃદયે ધારી, તેનાં કાર્ય સર્યાં;. જયદેવ જયદેવ૦ ૫
ગોવાલ બાલ અને રાજન, વનમાં ભક્તિ કરી; પ્રભુ૦
મન વાંછિત ફળ આપ્યો, દીન દયાલ હરી. જયદેવ જયદેવ૦ ૬
ચડત પ્રસાદ શવાયો, કદળી ફળ શેવા; પ્રભુ૦
ધૂપ દીપ તુલસીથી, રાજી સત્ય દેવા. જયદેવ જયદેવ૦ ૭
શ્રી સત્યનારાયણની આરતી, જે ભાવે ગાશે; પ્રભુ૦
કહેત વલ્લભરામ શર્મા, વૈકુંઠે જાશે. જયદેવ જયદેવ૦ ૮